ગાંધીનગર સમાચાર

ચોમાસુ માહોલ વચ્ચે વરસાદની ગેરહાજરી

પદગ્રહણ સમારોહની આસપાસ

- મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલ શપથવિધિ સમારોહમાં રાજ્યમંત્રીમંડળના પદનામિત મંત્રીઓના સમારોહના મેઈન સ્ટેજ ઉપરાંત બે સ્ટેજ બનાવાયા હતા. જેમાં એક તરફ સાધુ સંતો તો બીજી સ્ટેજ પર રાજકીય મહાનુભાવોએ સ્થાન લીધુ હતુ.
- શપથવિધિ સમારોહ શરૂ થતાં પહેલાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સંતોના આશીર્વાદ મેળવી રાજકીય મહાનુભાવો સાથે શુભેચ્છાઓની આપલે કરી હતી.
- રાજ્યમંત્રીમંડળમાં યુવા-ચહેરાઓને વધુ સ્થાન આપવામાં આવ્યું છે.
- રાજ્ય મંત્રીમંડળમાં માત્ર એક જ મહિલાને સ્થાન અપાતાં મહિલા સશક્તિકરણનો મુદ્દો ચર્ચાતો સાંભળવા મળ્યો હતો.
- રાજ્યમંત્રી મંડળમાં સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, સહિત કેટલાક જિલ્લાઓને સ્થાન મળ્યુ નથી.
- રાજ્ય મંત્રીમંડળમાં ૯ ઓ.બી.સી., ૮ પટેલ, ૩ ક્ષત્રિય, ૨ આદિવાસી, ૧ બ્રાહ્મણ, ૧ સિંધી, ૧ વણિકને સમાવવામાં આવ્યા છે.
- શપથવિધિ સમારોહ સંપન્ન થતાં રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ મંત્રીમંડળના સભ્યોને તેમની ખુરશી પાસે જઈ પુષ્પગુચ્છ આપી અભિવાદન કરતાં સૌ અચરજમાં મુકાઈ ગયા હતા.
- શપથવિધિ સમારોહમાં શપથ લેતાં થોડીક ક્ષણ માટે રાજ્ય મંત્રી પુરૂષોત્તમભાઈ સોલંકીની જીભ થોથવાઈ જવા પામી હતી.
- આજના નવા મંત્રીમંડળમાં વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવા તથા ઉપાધ્યક્ષ આત્મારામ પરમાર બન્નેનો રાજ્યના કેબિનેટ મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જે પહેલીવાર જોવા મળ્યું છે.
- આનંદીબેન પટેલ મંત્રીમંડળના ૯ મંત્રીઓને પડતા મુકવામાં આવ્યા છે. જેમાં રમણલાલ વોરા, સૌરભભાઈ પટેલ, મંગુભાઈ પટેલ, કાન્તિભાઈ ગામીત, રજનીભાઈ પટેલ, છત્રસિંહ મોરી, વસુબેન ત્રિવેદી, ગોવિંદભાઈ પટેલ, તારાચંદ છેડાનો સમાવેશ થાય છે.
- મંત્રીમંડળમાં નવા ચહેરાઓમાં વલ્લભભાઈ કાકડિયા, કેશાજી ચૌહાણ, વી.વી. વઘાસિયા, ડૉ. નિર્મલા વાઘવાણી, રાજેન્દ્ર ત્રિવેદી, રોહિત પટેલે પ્રથમવાર સ્થાન મેળવ્યુ છે. જ્યારે ગણપતભાઈ વસાવા, આત્મારામ પરમાર, ચીમનભાઈ સાપરિયા અગાઉ મંત્રીમંડળમાં રહી ચુક્યા છે.
- રાજ્ય મંત્રીમંડળમાંથી પડતા મુકાયાલે રમણલાલ વોરાને વિધાનસભાના અધ્યક્ષ અથવા પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવશે અને સૌરભભાઈ પટેલને દિલ્હી લઈ જવામાં આવી રહ્યાની વાતો પણ થતી સાંભળવા મળી હતી.
- રાજ્યમંત્રીમંડળના તમામ સભ્યોને રાજ્યપાલશ્રીએ વ્યક્તીગત શપથ લેવડાવ્યા હતા. તમામ મંત્રીઓએ ગુજરાતી ભાષામાં અને ઈશ્વરના સોગંદ લઈ શપથ ગ્રહણ કર્યા હતા.
- સાધુ-સંતો જે ડાયસ પર બેઠા હતા તેના પર જય જય ગરવી ગુજરાતનું બેનર હતુ.
- આરોગ્યતંત્રએ ૨૦થી વધુ એમ્બ્યુલન્સની સેવાઓ મહાનુભાવોને માટે અને મહાત્મા મંદિર ખાતે ફાળવી હતી.
- આજના શપથવિધિ સમારોહમાં પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ વાઈબ્રન્ટ વેળાએ અપાયેલ ડ્રેસીસમાં ફરજો બજાવતા નજરે પડ્યા હતા.
- મંત્રીમંડળમાં વૃષભ રાશિના જાતકો સૌથી વધુ છે. જેમની સંખ્યા પાંચ છે.
- બે રાજ્યકક્ષાના મંત્રીઓને કેબિનેટમાં બઢતી અપાઈ છે. જેમાં જયેશ રાદડિયા અને દિલીપ ઠાકોરનો સમાવેશ થાય છે.
- ભાજપે રાજ્યમાં સત્તા સંભાળી ત્યારથી આજ સુધી રાજ્યના તમામ મંત્રીમંડળમાં રમણલાલ વોરાએ સ્થાન મેળવ્યુ હતુ પરંતુ આ પહેલુ પ્રધાનમંડળ છે જેમાં તેમની બાદબાકી કરવામાં આવી હોવાથી તેમને લઈ કાર્યકરોમાં સૌથી વધુ ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.

માનવંતા મહેમાનો - રાજ્ય મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી ઓમ માથુર તથા ત્રણ રાજ્યના મુખ્યમંત્રીઓ દેવેન્દ્ર ફડણવીશ, મનોહરલાલ ખટ્ટર અને રઘુવરદાસ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્યભરમાંથી સંતો-મહંતો પણ મોટી સંખ્યામાં હાજર રહી મંત્રીમંડળને આશીર્વાદ પાઠવ્યા હતા....

સે-૩ બીમાં ઘરઆંગણે ગટરનુ દુષિત પાણી ઉભરાતા રહીશોને ગુંગળામણ

મેઇનહોલના સમારકામ બાદ પણ સમસ્યા યથાવત : રહીશોના મકાનની ચોકડીમાં જ દુષિત પાણીનો ભરાવો થાય છે : ગટર લાઇન ઉભરાતા માર્ગ વચાળે જ ગંદકી

ગાંધીનગર તા ૭

સે-૩ માં ગટર લાઈનનુ મેઈન હોલ ખસી ગયા બાદ સેકટરમાં ગટર ઉભરાવાની ફરિયાદો વધી ગઈ છે. મેઈન હોલનુ સમારકામ પુર્ણ થયા બાદ પણ સેકટરવાસીઓના ઘર આંગણે ગટરનુ દુષિત પાણી ભરાતા વરસાદી ઋતુમાં રોગચાળો ભરડો લે તેવી દહેશત વચ્ચે સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે. સે-૩ બીમાં રહીશોના આંગણે ચોકડીમાં જ ગટરનુ દુર્ગંધયુકત પાણી બેક મારે છે. જયારે સેકટરના ઠાકોર સમાજના બિલ્ડીંગની સ્કુલ સામે જ માર્ગ વચાળે જ ગટર ઉભરાતા આસપાસના રહીશો ખદબદતી ગંદકીના લીધે ગુંગળામણ અનુભવી રહયા છે.

સે-૩ માં ગટર લાઈનનુ મેઈન હોલની દિવાલો તુટી પડતા મોટી સમસ્યા સર્જાઈ હતી. જેના લીધે તંત્ર દ્વારા રાતદિવસ ટીમ કામે લગાડી મેઈનહોલનુ સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જે સી બી અને હીટાચી મશીન કામે લગાડી રસ્તો બ્લોક કરી યુધ્ધના ધોરણે સતત પાંચ દિવસ સુધી સમારકામ કરવામાં આવ્યુ હતુ.જેના અંતે ગટર લાઈનનુ ઠેકાણુ પડયુ હતુ.

પરંતુ હાલ પણ સેકટરમાં ગટરલાઈન ઉભરાતી હોવાની ફરિયાદો વધી ગઈ છે. સેકટરમાં રહીશોના મકાનની ચોકડીમાં જ ગટરનુ દુષિત પાણી બેક મારતા ઘરઆંગણે જ દુર્ગંધયુકત પાણીનો ભરાવો થાય છે. સે-૩ બી ના વિસ્તારમાં ગટરો ઉભરાતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. વરસાદી દિવસોમાં આમ પણ ગંદકીનુ સામ્રાજય ફેલાયુ છે. ત્યારે ઉભરાતી ગટરોના લીધે આમ નાગરિકો માટે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરમાં શાળા સંકુલ પાસે માર્ગ વચાળે જ ગટર લાઈન ઉભરાતા આ ઠેકાણે પણ ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે. તંત્ર દ્વારા તોતિંગ ખર્ચ કરીને ગટરના મેઈન હોલનુ સમારકામ કરવામાં આવ્યુ છે. પરંતુ હજુ પણ સેકટરોમાં ગટરનુ દુષિત પાણી ફરિ વળતા સેકટરવાસીઓ માટે રહેવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્વરિત અસરથી આ સમસ્યાનુ નિવારણ આવે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી છે.

રખડતા ઢોર - શહેરમાં રખડતાં ઢોર પકડવાની ઝુંબેશ વેગવંતી બનતી જાય છે.... મહાનગરપાલિકા દ્વારા સેક્ટરોના આંતરિક માર્ગો અને શહેરના મુખ્ય માર્ગો પર રખડતાં ઢોર પકડવા ૧૮ કર્મચારીઓની ટીમ બનાવાઈ છે... ખાસ કરીને શહેરમાં ફરતા આખલા વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી સર્જતા હોય છે... એટલે તંત્ર દ્વારા આખલાને પકડવાની કામગીરી અગ્રિમતાના ધોરણે હાથ ધરવામાં આવી છે....

ધોળેશ્વર મહાદેવ ગુજરાતના કાશી વિશ્વનાથ કહેવાય છે

પૌરાણિક મહાત્મ ધરાવતુ ધોળેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણના પહેલા સોમવારે ભાવિકો ઉમટશે : અહીં સાબરમતીમાં કરેલુ સ્નાન ગંગા-સ્નાનનું ફળ આપે છે

ગાંધીનગર, તા. ૭

પવિત્ર શ્રાવણ માસનો ભક્તિભાવ પૂર્ણ પ્રારંભ થઈ ગયો છે. શ્રદ્ધાળુઓથી શિવાલયો ઉભરાઈ રહ્યાં છે. શ્રાવણ માસમાં સોમવારનું માહાત્મ્ય અનેરૂ હોય છે. આ શ્રાવણ માસના પ્રથમ સોમવારથી જ ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે સ્થિત પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિરે ભક્તો મોટી સંખ્યામાં ભોળાનાથને રીઝવવા આવી પહોંચે છે. અહીં પ્રાચીન અને પવિત્ર શિવલીંગ પર દૂધ, જળ અને બિલિપત્રોનો અભિષેક કરે છે અને મહાદેવજીની પૂજા-અર્ચના આરાધના કરે છે.

ધોળેશ્વર મહાદેવ પુરાતનકાળથી અત્યંત પ્રસિદ્ધ ધાર્મિક આસ્થાનું કેન્દ્ર સમાન ગણાય છે. જેને ગુજરાતના કાશી વિશ્વનાથની ઉપમા અપાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

વરસાદી માહોલ વચ્ચે વરસાદની ગેરહાજરી

ગાંધીનગર, તા. ૭

સમગ્ર ગુજરાતમાં સારો કહી શકાય તેવો વરસાદ પડી રહ્યો છે, પરંતુ ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદની ગેરહાજરી જોવા મળી રહી છે. ભરપુર ચોમાસુ માહોલ હોવા છતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૨ મી.મી.થી પણ ઓછો વરસાદ નોંધાયો છે.

ચોમાસાની સીઝન હાલમાં પૂરબહારમાં ખીલી છે. દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર-કચ્છમાં સારો કહી શકાય તેવો વરસાદ પડી રહ્યો છે. અખબારોમાં વિવિધ વિસ્તારોમાં કેટલા ઈંચ વરસાદ પડ્યો તેની માહિતી અહેવાલ સાથે છપાતી રહે છે. જો કે વરસાદની બાબતમાં આ વખતે ગાંધીનગર જાણે કમનસીબ સાબીત થઈ રહ્યું છે. તમામ સંજોગો અનુકૂળ હોવા છતાં શહેરમાં વરસાદ પડતો નથી. છેલ્લા કેટલાય દિવસોથી શહેરના આકાશમાં ઘટાટોપ વાદળો જોવા મળી રહ્યા છે. ક્યારેક એવુ લાગે છે કે હમણા ધોધમાર વરસાદ તુટી પડશે. પરંતુ વરસાદ પડતો જ નથી. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૨ મી.મી.થી પણ ઓછો વરસાદ નોંધાયો છે. ક્યારેક ક્યારેક માત્ર ઝરમર વરસાદ જ પડે છે. વરસાદના અભાવે ક્યારેક ખુબ બફારો અનુભવાય છે. વસાહતીઓ ગરમીથી ત્રાસી ગયા છે.

રાજ્યમાં અતિભારે વરસાદની ચેતવણી

ગાંધીનગર, તા. ૭

દક્ષિણી પાકિસ્તાન અને દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન ઉપર સર્જાયેલા અપરએર સાકલોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં આજે પણ ભારે વરસાદ થયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર મોનસુન સક્રિય થયેલું છે. બીજી બાજુ આજે અમદાવાદ શહેરમાં પણ વરસાદી ઝાપટાઓનો દોર જારી રહ્યો હતો. શહેરના હાટકેશ્વર-ખોખરા સહિતના વિસ્તારોમાં વરસાદ થોય હતો. બીજી બાજુ સૌરાષ્ટ્ર કચ્છના જે ભાગમાં વરસાદ થયો છે તેમાં ભાવનગર, દ્વારકા, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહ્યું હતું.

અમદાવાદમાં પણ વરસાદી ઝાપટાઓનો દોર જારી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે ગંદકીનું પ્રમાણ પણ વધ્યું છે. ગંદકીને દૂર કરવા માટે પગલા લેવાઈ રહ્યા છે.

હાર્દિક શુભેચ્છા

ડો. જે એન સિંઘ (IAS)
મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય

અમો પુનિત વનના સંગાથીઓ આપને ગુજરાત રાજ્યના અગત્યના વહીવટી હોદા પર બઢતી મળતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ તેમજ આપના જેવા પવિત્ર, ધર્મભીરૂ, રાષ્ટ્રપ્રેમી, સરળ વ્યક્તિત્ત્વના કુશળ અધિકારીની ગુજરાત સરકારમાં મુખ્ય સચિવ તરીકે વરણી થતાં હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ.

લાલદાસ કે નિમાવત
મંગળાબેન નિમાવત
દક્ષા મહેશકુમાર રામાનૂજ
રાકેશભાઈ નિમાવત
ડો. અજયભાઈ નિમાવત
નરેન્દ્રભાઈ નિમાવત

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com